પરિશિષ્ટ:-૫૫

ક્રમાંક: જીઆઇડીસી/ એસ્ટેટ-ડીએમ/સીઆઇઆર/વિતરણ/ પોલ/૩૬૬/૯૩

જી.આઇ.ડી.સી. વડી કચેરી-ઉદ્યોગ ભવન,

ગાંધીનગર તારીખ: ૨૯-૦૫-૯૩

**// પરિપત્ર //**

વિષય:- કંપનીઝ એક્ટ ૧૯૫૬ ની કલમ- ૩૯૪ હેઠળ બે કંપનીઓના સંયોજનને કારણે થતી તબદીલીના કિસ્સામાં ભાડા પટ્ટે થી મળેલા હકકો તબદીલ કરવા ડીડ ઓફ એસાઇન્મેન્ટ નહીં કરવા બાબતે.

---

નિગમની પ્રવર્તમાન નીતિ અનુસાર બે કંપનીઓના સંયોજન ને કારણે થતી તબદીલી ના કિસ્સામા જો શેડ/ પ્લોટના લીઝ કન્વેયન્સ ડીડ થયા હોય તો આવી તબદીલીઓના કિસ્સામાં લીઝ/ કન્વેયન્સથી પ્રાપ્ત થયેલા અધિકારો રજીસ્ટર્ડ ડીડ ઓફ એસાઇન્મેન્ટ દ્વારા તબદીલ કરવામાં આવે છે.

ડીડ ઓફ એસાઇન્મેન્ટ રજીસ્ટર કરાવવા માટે ફાળવણીદારોને લીઝ/ કન્વેયન્સ માટે લગાડવા પાત્ર સ્ટેમ્પ ડ્યુટી ભરવી પડતી હોય છે. પ્રસ્તુત બાબતે એવું ધ્યાન ઉપર આવેલ છે કે બે કંપનીઓના સંયોજનની સ્કીમ હાઇકોર્ટ દ્વારા કરાવવી જરુરી હોય છે આમ હાઇકોર્ટ દ્વારા બે કંપનીઓના સંયોજનની યોજના કંપની ધારા ની કલમ-૩૯૪ મુજબ મંજુર કરતી વખતે હાઇકોર્ટે એવો હુકમ કરેલ હોય કે તબદીલ થતી કંપનીની જવાબદારીઓ, કરજો અને બંધનો તબદીલ થી પ્રાપ્ત કરનાર કંપનીની જવાબદારીઓ કરજો અને બંધનો અન્ય કોઇ વધારાના કાર્ય કે દસ્તાવેજ વગર તબદીલ થાય છે જેથી આવા કિસ્સાઓમાં ડીડ ઓફ એસાઇન્મેન્ટ કરવાની કે તેની નોંધણી કરાવવાની નથી તેમ છતાં નિગમ આ માટે આગ્રહ રાખે છે અને જેથી તબદીલીમાં વિલંબ થાય છે. આથી પ્રસ્તુત બાબતે કાયદાકીય અભિપ્રાય મેળવી નિગમની તારીખ: ૧૯-૨૫/૧૧-૧૯૯૨ ના રોજ મળેલ ૩૩૩ મી સભા સમક્ષ એક કાર્યસુચિ નોંધ સાદર કરવામાં આવેલ હતી.

સદર કાર્યસુચિ નોંધ ઉપર વિસ્તૃત ચર્ચા વિચારણા ને અંતે નિગમે ઠરાવેલ છે કે જ્યારે બે કંપનીઓના સંયોજન ને કારણે થતી તબદીલીના કિસ્સામાં હાઇકોર્ટના હુકમ અનુસાર તબદીલ થતી કંપનીની તમામ જવાબદારી કરજો અને બંધનો વધારાના કાર્ય અથવા દસ્તાવેજ વગર તબદીલીથી પ્રાપ્ત કરનાર કંપની ને તબદીલ થતા હોય તો ડીડ ઓફ એસાઇન્મેન્ટ કે તેની નોંધણી કરાવવી જરુરી નથી પરંતુ જો સંબધીત કંપનીઓ અંદરો અંદર ની સમજુતી થી ડીડ ઓફ એસાઇન્મેન્ટ ની નોંધણી કરાવે તો નિગમને સામે કોઇ હરકત કે વાંધો હોઇશકે નહીં.

આથી નિગમની ઉપરોક્ત ઠરાવની તમામ વિતરણ અધિકારીઓએ નોંધ લેવી અને તે મુજબ ની કાર્યવાહી કરવાની સુચના આપવામાં આવે છે અને આવા કિસ્સાઓમાં હાઈકોર્ટનો જો ઉપર મુજબ નો હુકમ હોય તો ડીડ ઓફ એગ્રીમેન્ટ કે તેની નોંધણી માટે આગ્રહ રાખવો નહીં.

આ પરિપત્ર મળ્યા બાબતની પહોંચ વિતરણ શાખાને પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.,
જી.આઈ.ડી.સી. ગાંધીનગર.

ફાઈલ નંબર: જીઆઈડીસી/પોલીસી/૭(૫)/બી

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ જાણ સારુ.

રવાના કર્યુ,

નાયબ મેનેજર (મહેકમ)
જીઆઈડીસી. ગાંધીનગર.